| | | |
|---|---|---|
| રજુ કર્યા તારીખ | : | ૦૪–૦૬–૨૦૨૫ |
| દાખલ તારીખ | : | ૦૪–૦૬–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | : | ૨૧–૦૫ –૨૦૨૬ |
| અવધી : વર્ષ, માસ, દિવસ<br>૦૦ ૧૧ ૧૭ | | |

**સુરેન્દ્રનગરનાં પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ અને એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ.**

**ફોજદારી કેસ નં. ૧૮૭૯/૨૦૨૫.**

**આંક :–**

**ફરીયાદી** : શ્રીજી ફાયનાન્સના પ્રોપરાઈટર,
યુવરાજસિંહ હરીશચંદ્રસિંહ પરમાર,
ઉ.વ.આ– ૪૧, ધંધો–વેપાર, રહે. દાળમીલ રોડ,
રાજ રાજેશ્વરી સોસાયટી સુરેન્દ્રનગર.

**વિરૂધ્ધ**

**આરોપી** : દસાડીયા કૌશલ પરમાનંદભાઈ,
ઉ.વ.આ–૩૫, ધંધો–ગાડી લે–વેચ,
રહે. સી.યુ.શાહ નગર, બ્લોક નં. ૬૦૨,
શકિત–શુક્ર પાસે, નવા જકંશન રોડ, સુરેન્દ્રનગર.

**ગુન્હો : ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ**

**ફરીયાદી તરફે વિ.વ. શ્રી. કે.વી.શુકલ.**
**આરોપી તરફે વિ.વ.શ્રી. એચ.એચ. મહેતા.**

**–:: ઠરાવ ::–**

**ફરીયાદની ટુંકમાં હકીકત::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ઉપરોકત ફરીયાદમાં જણાવેલ સરનામે રહે છે અને આરોપી ગાડી લે–વેચનો વેપાર કરતા હોઈ અને આરોપી સી.યુ.શાહ નગર રેલ્વે સ્ટેશન પાછળ, સુરેન્દ્રનગરમાં રહે છે. આમ આરોપી અને ફરીયાદી બન્ને સારા મિત્રતાના સબંધો ધરાવતા હતા.

વધુમાં જણાવે છે કે, આમ આરોપી અને ફરીયાદી વચ્ચે મિત્રતાના સબંધ હોય આરોપી અવારનવાર ફરીયાદી પાસેથી હાથ ઉછીના રૂપિયા લેતા અને સમયસર પરત આપતા હતા અને આજથી આશરે ૧૨ માસ પહેલા આરોપીને તેમના વ્યવહારીક અંગત કામ સબબ રૂપિયાની જરૂરત ઉભી થયેલ જેથી આરોપીએ ફરીયાદીને કહેલ કે મારે હાલ રૂા.૫,૫૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરાની જરૂરત છે તમે મને મદદ કરો જેથી ફરીયાદીએ આરોપીને હાથ ઉછીના રૂપિયા આપવાની તૈયારી બતાવેલ.

વધુમાં જણાવે છે કે, આમ ફરીયાદી અને આરોપી વચ્ચે મિત્રતાના સબંધ હોઈ ફરીયાદીએ આરોપીને હાથ ઉછીના અંગત કામ સબબ કટકે કટકે રૂા.૫,૫૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરા આરોપીને આપેલ અને આ રૂપિયા લેતી વખતે આરોપીએ ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો આપેલ કે તમે કહો ત્યારે તમને તમારી લેણી રકમ પરત મળી જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ જે કથન ઉપર વિશ્વાસ અને ભરોસો રાખેલ.

વધુમાં જણાવે છે કે, આમ ફરીયાદીએ આરોપીને આપેલ રૂપિયા સમય જતા પરત માંગતા આરોપીએ કહેલ કે મારે એક લોન આવવાની છે જેથી હું તમને તમારી લેણી રકમ અચુક ચુકવી આપીશ અને તમને તમારી લેણી રકમ પેટે હુ મારા બેન્ક ખાતાનો ચેક આપુ છુ અને તમને તમારી લેણી રકમ ચેક જમા કરાવ્યાથી પરત મળી જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ અને આરોપીએ ફરીયાદીને અમારી લેણી રકમ પેટે તેમની આઈ.ડી.બી.આઈ. બેન્ક, સુરેન્દ્રનગર શાખાના ખાતા નં. ૦૨૦૦૧૦૪૦૦૦૧૧૩૦૧૪ નો ચેક નં. ૦૨૫૧૬૫ વાળો રૂા.૫,૫૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરાનો તા. ૨૧/૦૪/૨૦૨૫ ના રોજનો આરોપીએ સહી કરી ચેક માની વીગત ભરી શ્રીજી ફાયનાન્સ કંપનીના ખાતાનો નામનો લખી લાવીને આપેલ અને કહેલ કે સદરહુ ચેક તમે બેન્કમાં જમા કરાવ્યાથી તમોને તમારી લેણી રકમ અચુક પરત મળી જશે તેવો પાકકો વિશ્વાસ અને ભરોસો

ચેક આપતી વખતે આપેલ જેના તમારા કથન ઉપર ફરીયાદીએ વિશ્વાસ અને ભરોસો રાખેલ.

વધુમાં જણાવે છે કે,આમ ફરીયાદીએ આરોપીના કહેલ કથન ઉપર વિશ્વાસ રાખી તેઓની લેણી રકમ રૂા.૫,૫૦,૦૦૦/- અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરા પરત વસુલવાના હેતુસર આરોપીએ આપેલ પેરા-૪ ની વિગત વાળો ચેક ફરીયાદીએ અમારા એચ.ડી.એફ.સી.બેન્ક,સુરેન્દ્રનગર શાખાના ખાતામાં તા.૨૧/૪/૨૫ ના રોજ વટાવવા નાખતા તા.૨૨/૪/૨૦૨૫ ના રોજ ચેક રીટર્ન મેમામાં જણાવેલ કારણ "ADVICE NOT RECEIVED" (સલાહ મળી નથી) ના કારણસર પરત થયેલ છે. જેથી ફરીયાદીને અમારી લેણી રકમ પરત મળેલ નહી.

વધુમાં જણાવે છે કે, આમ આરોપીએ આપેલ ઉપર જણાવેલ ચેકની લેણી રકમ ફરીયાદીને ન મળતા આરોપીએ જાણી જોઈને ફરીયાદીની વ્યવસ્થીત ઢબે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ હોય તેમજ નેગોશીએબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોય કાયદાકીય પ્રકીયાના ભાગ રૂપે આરોપીને તેમના કાયમી રહેણાંકના સરનામે ગત તા.૨/૦૫/૨૦૨૫ ના રોજ અમારા વકીલ મારફત વિગત વાર નોટીસ રજી. એડીથી આપેલ.

ઉપરોકત આરોપીને મોકલાવેલ રજી. એડી. નોટીસ આરોપીને તેમના સરનામે મોકલતા નોટીસ તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ બજી ગયેલ છે. આમ આરોપીએ ફરીયાદી સાથે કોઈ સમાધાનની વાતચીત કરેલ નથી કે ફરીયાદીને ફરીયાદ મુજબની ચેકની લેણી નિકળતી રકમ ચુકવેલ નથી. જેથી નોટીસના દિવસ પંદરની મુદત વિતતા હાલની ફરીયાદ દાખલ કરેલ છે. આમ આરોપીને નોટીસ બજવા છતાં ચેકની રકમ તેણે ન ચુકવતા હાલની ફરીયાદનું કારણ ઉપસ્થીત થયેલ છે.

આ કામના આરોપીને ફરીયાદીએ હાથઉછીની આપેલ રકમ કાયદેસરના લેણા પેટે પરત ચુકવવા પેટે આપેલ પેરા-૪ ની વિગત વાળો ચેક પેરા-૫ ની વિગતે પરત થયેલ હોય અને કાયદા મુજબ નોટીસ આપવા છતા મુદત વિતવા છતાં ફરીયાદ મુજબના ચેકની રકમ

નહી ચુકવીને આ કામનાં આરોપીએ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ સાથે વાંચતા કલમ ૧૪૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોય તેની સામે કાયદા મુજબ ચેકથી બેવડી રકમનો દંડ કરી તેમજ બે વર્ષની સજા કરી તેમજ ફરીયાદીને ચેકની રકમ વળતર તરીકે અપાવવા અને તે મુજબ ધોરણસર થવા મારી ફરીયાદ છે.

**આરોપીને સમન્સની બજવણી તથા ઈન્સાફી કાર્યવાહી:–**

(૨) ઉપરોકત હકીકતો મુજબ ફરીયાદ દાખલ થતા ગુનાનું સંજ્ઞાન લઈને આંક–૧ તળે ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનુ તેમજ **બી.એન. એસ.એસ, ૨૦૨૩ ની કલમ–૨૨૭** મુજબ અધિનીયમની કલમ–૧૩૮ મુજબના ગુનાનો આરોપી વિરુધ્ધ સમન્સ કાઢવાનો હુકમ કરવામા આવેલ હતો. આરોપીને સમન્સની બજવણી થતા તેઓ કોર્ટમાં હાજર થયેલા અને ફરીયાદની નકલ આરોપીને મળ્યાની ખાતરી કરી,**બી. એન.એસ.એસ ૨૦૨૩ની કલમ–૨૭૪** મુજબ આરોપીની પ્લી **આંક – ૮** થી નોંધેલ જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા આ કેસની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ રીતે આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવા:–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી યુવરાજસિંહ હરીશચંદ્રસિંહ પરમાર નુ પુરાવાનું સોગંદનામું | ૦૪ |

**દસ્તાવેજી પુરાવા:–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | આરોપીએ ફરીયાદી કંપનીને આપેલ ચેક | ૧૪ |

| | | |
|---|---|---|
| ૨ | ચેકનો રીટર્ન મેમો | ૧૫ |
| ૩ | આરોપીએ આપેલ ચેક પરત થયેલાની વકીલશ્રી મારફતે આપેલ રજી.એડી. નોટીસ | ૧૬ |
| ૪ | પોસ્ટલ સ્લીપ | ૧૭ |
| ૫ | ટ્રેક કન્સાઈન્મેન્ટ રીપોર્ટ | ૧૮ |
| ૬ | શ્રીજી ફાયનાન્સનું લાયસન્સ | ૧૯ |
| ૭ | ફરીયાદીના આધાર કાર્ડનો પુરાવો | ૨૦ |

(૪) ઉપર મુજબનો ફરીયાદપક્ષનો પુરાવો રજુ કર્યા બાદ ફરીયાદ પક્ષ તરફે **આંક– ૨૩** થી તેઓ વધુ કોઈ પુરાવો આપવા માંગતા ન હોવા અંગેની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**આરોપીનું બી.એન.એસ.એસની ક.–૩૫૧ અન્વયે વધારાનું નિવેદન::–**

(૫) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા આરોપીને ફરીયાદ પક્ષના પુરાવામાં આવતી તેઓ વિરુધ્ધની દરેક હકીકત અને સંજોગો સમજાવવામા આવેલ અને પ્લી તળે આરોપીનું વિશેષ નિવેદન બી.એન.એસ. એસની ક.–૩૫૧મુજબ નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેની વિરુધ્ધના પુરાવાઓનો ઈન્કાર કરી વિશેષમા જણાવેલ છે કે, તેઓના પર ખોટો કેસ કરેલ છે. આરોપી પક્ષ તરફે **આંક– ૨૮** થી તેઓ વધુ કોઈ પુરાવો આપવા માંગતા ન હોવા અંગેની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૬) આરોપી તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ તે ઉપરાંત ફરીયાદીપક્ષે વિ.વકીલ શ્રી.કે.વી.શુકલની મૌખિક દલીલો સાંભળી. ત્યારબાદ સદર કામમા આરોપીપક્ષે વિધ્વાન વકીલ શ્રી.એચ.એચ. મહેતાની આંક–૩૨ થી લેખિત દલીલ રજુ કરેલ છે જે

વંચાણે લીધી તથા દલીલના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલતના નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે જે માનસહ વંચાણે લીધા.

1 IN THE SUPREME COURT OF INDIA
CRIMINAL APPELLATE NO. 636 OF 2019
BASALINGAPPA V/S MUDIBASAPPA

2 IN THE SUPREME COURT OF INDIA
CRIMINAL APPELLATE NO. 261 OF 2013
VIJAY V/S LAXMAN & ANR.

**(૭)** ઉપરોક્ત વિગતે મારી સમક્ષ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**(૧)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીની આરોપી પાસેથી નીકળતી લેણી રકમ પેટે આરોપીએ ફરીયાદીને આપેલ આરોપીએ ફરીયાદીને આપેલ ફરીયાદ વાળો ચેક વણ ચૂકવાયેલ પરત ફરતા ફરીયાદીએ, આપેલ માંગણી નોટીસ અંગે કાયદા મુજબ નિર્ધારીત સમય મર્યાદામાં આરોપીએ ફરીયાદીને રકમ નહી ચૂકવી આપી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદ્દા ઉપર મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૮.૧)** ઉપરોકત નિર્ણય બાબત કારણો નીચે મુજબ છે.

**-:: <u>કારણો</u> ::-**

**<u>મુદ્દા નં.૧</u> :-**

**(૯)** આ કામમાં આરોપીની સામે અધિનીયમ કલમ-૧૩૮ મુજબના ગુનાનુ તહોમત છે. આરોપી વિરુધ્ધ તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ

ધ્વારા રજુ કરવામા આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની સમાલોચના કરતા પહેલા અધિનીયમની કલમ–૧૧૮,૧૩૮,૧૩૯ અને ૧૪૨ ના કાયદાકીય પ્રબંધો લક્ષમા લેવા જરુરી છે.

**(૧૦)** અધિનીયમની કલમ–૧૩૮ મા એવી જોગવાઈ કરવામા આવેલ છે કે, ચેક લખાયાની તારીખથી છ માસ અથવા કાયદાએ માન્ય કરેલ હોય તે મુદત બે માંથી જે વહેલી હોય તે મુદતમા ચેક બેન્કમાં રજુ કરવાનો હોય છે. વધુમાં એવી પણ જોગવાઈ કરવામા આવેલ છે કે, ચેક ધારકે તે ચેક વણ ચુકવાયેલ પરત આવ્યાની બેન્ક તરફથી માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર સદર ચેક લખનારને નોટીસ આપી રકમની માંગણી કરેલી હોવી જોઈએ અને નોટીસ મળ્યાના ૧૫ દિવસમા તે રકમની ચુકવણી કરવામા ચેક લખનાર નિષ્ફળ જાય ત્યારપછી નિયત સમય મર્યાદામા ફરીયાદી ગુના સબંધે ફરીયાદ કરી શકે છે. અધિનીયમ કલમ–૧૩૯ મુજબ અન્યથા પુરવાર ન થાય તો ચેક ધારણ કરનારની તરફેણમા અદાલતે તેવુ અનુમાન કરવાનુ રહે છે કે, ચેક ધારણ કરનારે કલમ–૧૩૮ મા દર્શાવ્યા મુજબ તેમના કોઈ દેવા ના અથવા અન્ય કોઈ જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાં થી બોજ મુકત થવાના બદલામા તે ચેક મેળવેલ હશે.

**(૧૧)** આમ, ફરીયાદીએ મુખ્યત્વે નીચે મુજબની હકીકત પ્રસ્થાપિત કરવી પડે.

(૧) આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાના ચુકવણા પેટે ચેક આપેલ હતો.

(૨) આ ચેક મથાળે દર્શાવેલ તારીખથી છ માસ કે કાયદા મુજબ નિયતસમય મર્યાદા બંનેમાંથી જે વહેલા હોય તે મુદત સુધીમા રજુ કરવામા આવેલ હતો.

(૩) ચેક સ્વીકાર્યા વગર/વણ ચુકવાયેલ પરત ફરેલ હતો.

(૪) ફરીયાદીએ તેઓને ચેક પરત થયાની જાણ થયેથી દીન-૩૦ મા કાયદેસરની નોટીસ આપેલ હતી.

(૫) આરોપીએ નોટીસ મળ્યા છતા દીન-૧૫ મા પરત ફરેલ/વણ ચુકવાયેલ ચેકના નાણા ચુંકવેલ નથી અને સદર દીન-૧૫ બાદ ફરીયાદીએ એક માસમા ફરીયાદ દાખલ કરેલ છે.

**(૧૨)** આ તબકકે નામ.સર્વોચ્ચ અદાલતના નીચે જણાવેલ બે ચુકાદાઓનો ઉલ્લેખ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે કારણ કે તેમા અધિનીયમ કલમ-૧૧૮, ૧૩૮ અને ૧૩૯ ના અનુમાનો સબંધિત જોગવાઈઓન અર્થઘટન કરવામાં આવે છે અને બચાવપક્ષે સદર કાયદાકીય અનુમાનોનુ ખંડન કેવી રીતે કરવુ જોઈએ તે સબબના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે.

**(૧૨.૧)** સૌ પ્રથમ સર્વોચ્ચ અદાલતનો માનનિય ત્રણ ન્યાયાધીશોની ખંડ પીઠનો **રંગપ્પા વિ.શ્રીમોહન એ.આઈ.આર.-૨૦૧૦ એસ.સી.-૧૮૯૮** નો ચુકાદો લક્ષમા લેવો આ અદાલતને જરુરી જણાય છે. આ કેસમા નામ.સર્વોચ્ચ અદાલત સમક્ષ અધિ.ક.૧૩૯ ના અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ અને તેમાં નામ.અદાલતે અધિ.ક.૧૧૮, ૧૩૮ અને ૧૩૯ ની જોગવાઈઓ ધ્યાને લઈને ફકરા નં.૧૪ મા એવુ નોંધેલ છે કે, " in the light of these extracts, we are in agreement with th erespondent-claimant that the presumption mandated b Section 139 of the Act does indeed include the existence of a legally enforcreable debt or liability" સદર ચુકાદામાં એવુ પણ નોંધવામાં આવેલ છે કે, it is a settled position that when an accused has to rebut the presumption under

Section 139, the standard of proof for doing so is that of' preponderance of probabilities'. Therefore, if the accused is able to raise a proable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. ..." નામ.સર્વોચ્ચ અદાલતનો અન્ય એક ચુકાદો જોઈએ તો**, નામ.સર્વોચ્ચ અદાલતે ટી. વસંથાકુમાર વિ. વિજયકુમારી ૨૦૧૫ ક્રિ.લો.જ.૨૮૫૩** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત કે જો ચેક અને ચેક ઉપરની સહી પુરવાર થઈ જાય અને આરોપી ધ્વારા તે બાબતે કોઈ તકરાર લેવામાં ન આવે તો કલમ–૧૩૯ નુ અનુમાન ઉપસ્થિત રહેશે.

**(૧૨.૨)** ઉપરોકત કાનુન જન્ય પ્રબંધો અને નામ.સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમા રાખી, ફરીયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરવુ જરુરી છે.

ઉપરોકત જોગવાઈઓ ધ્યાને લેતા ફલિત થાય છે કે જયાં સુધી આરોપી ધ્વારા ઉપરોકત જોગવાઈઓમાં જણાવેલ અનુમાનની વિરુધ્ધની હકીકત રેકર્ડ ઉપર આરોપી ધ્વારા પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી કોર્ટે એવુ અનુમાન કરવાનું રહે છે કે સવાલ વાળો ચેક તે સહી કરનારે અવેજના બદલામાં અને તેનુ હાલનુ કાયદેસરનુ દેવું અથવા તો અન્ય જવાબદારી અદા કરવા માટે આપેલ છે. ફરીયાદીની તરફેણમાં કરવાનું રહેતું કાયદાકીય અનુમાનનુ કોર્ટ સમક્ષ સબળ અને સચોટ પુરાવાથી ખંડન કરવાની જવાબદારી ફકત અને ફકત ચેક લખનારના શીરે જ રહે છે તથા જયા સુધી તેવા અનુમાનનું ખંડન કરવામાં ના આવે ત્યા સુધી કાયદાકીય અનુમાનના કારણે આરોપી વિરુધ્ધનો બોજો કોઈ પણસંજોગોમાં ફરીયાદી પક્ષેથી ખસી શકે નહી.

(૧૩)આ કામે ફરીયાદીએ **આંક–૪** થી સરતપાસ સોગદનામુ રજુ કરેલ છે. આ સરતપાસ સોગંદનામામાં મુખ્યત્વે એવુ જણાવેલ છે કે, ચેક ફરીયાદીએ અમારા એચ.ડી.એફ.સી. બેન્ક, સુરેન્દ્રનગર શાખાના ખાતામાં તા. ૨૧/૪/૨૫ ના રોજ વટાવવા નાખતા તા.૨૨/૪/૨૫ ના રોજ ચેક રીટર્ન મેમામાં જણાવેલ કારણ "ADVICE NOT RECEIVED" (સલાહ મળી નથી) ના કારણસર પરત થયેલ છે.

આ કામના આરોપીએ આપેલ ચેકનો અનાદર થતા, તે અંગે જેથી ફરીયાદીએ **તારીખ : ૦૨/૦૫/૨૦૨૫** ના રોજ લીગલ નોટીસ આપેલ છે અને જે નોટીસ **તા. ૦૫/૦૫/૨૦૨૫** ના રોજ આ કામના આરોપીને બજી ગયેલ છે.આમ આ કામના આરોપીએ નોટીસ બજી ગયેલ હોવા છતાં તેઓની રકમ ચુકવી આપેલ નથી તેમજ આરોપીએ ફરીયાદીના નાણાં આપવાની વ્યવસ્થા કરેલ ન હોઈ, આ ફરીયાદ કરવાની જરુર ઉભી થયેલ છે તેથી ફરીયાદી ધ્વારા વટાવખત અધિનીયમ–૧૮૮૧ ની (ટુંકમાં અધિનિયમ) કલમ–૧૩૮ મુજબના ગુનાની ખાનગી ફરીયાદ અત્રેની અદાલતમા આરોપી વિરુધ્ધ દાખલ કરેલ છે.

(૧૪) આ કામે ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેણે જણાવેલ છે કે, '' સને – ૨૦૧૪ થી હુ શ્રીજી ફાઈનાન્સ ચલાવુ છુ. આ શ્રીજી ફાઈનાન્સ રજીસ્ટર થયેલ છે. મારી ફરીયાદમા શ્રીજી ફાઈનાન્સ રજીસ્ટર થયેલાનુ જણાવેલ નથી. મારા ઓફીસ સ્ટાફમા હુ એક છુ અને મારા એક પટ્ટાવાળા નયનભાઈ છે. ફાઈનાન્સ ઉપર અમે નાની મોટી લોન આપીએ છીએ. અમે જયારે ફાઈનાન્સ ઉપર કોઈને લોન આપીએ ત્યારે જેવી લોન હોય તેવી શ્યોરીટી કે લખાણ કરીએ છીએ. આ કેસમા આરોપીને મેં હાથઉછીના નાણા આપેલ હોવાથી આવુ કોઈ સીકયોરીટી કે લખાણ લીધેલ નથી. એ વાત ખરી છે કે શ્રીજી ફાઈનાન્સમાથી અમે કોઈને ધીરાણ આપીએ

તો કાયદેસરનુ વ્યાજ લઈએ છીએ. આ આરોપીને હુ ઘણા વર્ષોથી ઓળખુ છુ. ફરીયાદવાળા વ્યવહાર પહેલા પણ આરોપી સાથે કાયદેસરનો નાણાકીય વ્યવહાર થયેલ હતો. ફરીયાદવાળા વ્યવહાર પહેલા જે કાયદેસરના નાણાકીય વ્યવહાર થયેલો તેના આરોપીએ મને નાણા પરત આપી દીધેલા અને તે અગાઉના વ્યવહારો બાબતે કોઈ નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટના કેસો કરેલ નથી. એ વાત ખરી છે કે આ ફરીયાદ વાળા વ્યવહાર પહેલા મે આરોપીને રૂા.૧,૦૦,૦૦૦/- નુ ધીરાણ કરેલ હતુ. અમે કોઈને પણ ધીરાણ કરીએ તેનુ રજીસ્ટર રાખીએ છીએ. એ વાત ખરી નથી કે આરોપીએ પ્રતી દીવસ ૧૦૦૦ રૂપીયા જમા કરાવતો હતો. એ વાત ખરી નથી કે ફરીયાદવાળા વ્યવહારના નાણા પણ આરોપીએ સમયસર મને આપી દીધેલા છે. આ ફરીયાદ વાળો ચેક મને આરોપીએ આપેલ હતો. આરોપીએ ચેક આપેલ ત્યારે અન્ય કોઈ વ્યકતીની હાજરી ન હતી. એ વાત ખરી નથી કે આ ફરીયાદવાળો ચેક મને જયદીપસિંહે આપેલ અને તે વખતે આરોપી હાજર ન હતા. એ વાત ખરી છે કે જયદીપસિંહ સામે મે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટના કેસ કરેલ છે જે હાલમા ચાલુ છે. એ વાત ખરી નથી કે હુ જે કહુ છુ તે રકમ મે આરોપીને ૧૦ ટકાના વ્યાજે ધીરેલ હતી. એ વાત ખરી નથી કે આ રકમનુ આરોપી મને નીયમીત રીતે વ્યાજ ચુકવતા હતા. એ વાત ખરી નથી કે ફરીયાદવાળી કોઈ રકમ મે આરોપીને આપેલ નથી. એ વાત ખરી નથી કે મે ફરીયાદવાળો ચેક બેંકમાં જમા કરાવતા પહેલા આરોપીનો કોઈ સંપર્ક કરેલો ન હતો. એ વાત ખરી છે કે આ જે ચેક છે તે એડવાઈઝ રીસીવના કારણે પરત આવેલ છે જેમા તે સીવાય બીજુ કોઈ કારણ દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે મે મારા વકીલશ્રી મારફતે આરોપીને નોટીસ ઈસ્યુ કરેલ ત્યારબાદ આરોપીએ મારો સંપર્ક કરેલ હતો. એ વાત ખરી નથી કે ચેક જમા કરાવતા પહેલા આરોપીએ મને સંપર્ક કરીને ચેકને બેંકમા જમા ન કરાવવાની સુચના આપેલ હતી. એ વાત ખરી નથી કે ફરીયાદવાળા આરોપીના સહીવાળા કોરા ચેકમા મે મારી જાતે પાછળથી વીગતો ભરેલી. એ વાત ખરી નથી કે મે ફરીયાદવાળા ચેકમા વધારે રકમ ભરી

દીધેલી છે. એ વાત ખરી નથી કે આંક–૧૪ વાળા ચેકમા જણાવેલ રકમ આરોપી પાસે મારે કોઈ લેણી નીકળતી નથી. એ વાત ખરી નથી કે આરોપીએ મારી સાથે કોઈ વીશ્વાસઘાત કરેલ નથી કે આરોપી પાસે મારે કોઈ કાયદેસરનુ લેણુ નીકળતુ ન હોવા છતા હાલની ખોટી ફરીયાદ કરી તેના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ.

આમ, આરોપી તરફે દલીલમાં સમગ્ર વ્યવહાર બાબતે કોઈ સ્વતંત્ર પુરાવો રજુ કરેલ નથી, કઈ તારીખ, ચોક્કસ કયા સ્થળે, કે નાણાકીય વ્યવહારની કોઈ વિગતો જણાવેલ નથી, આરોપીને આપવામાં આવેલ રકમ ફરીયાદી પાસે કયાંથી આવી, ફરીયાદીની પોતાની નાણાકીય ક્ષમતા સાબીત થતી નથી. ફરીયાદી લીગલ લાયેબીલી સાબીત કરવામા નીષ્ફળ ગયેલ છે જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

આમ, આ કામે ઉપરોકત આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ જોતા ફરીયાદવાળા ચેકમાં આરોપીની સહી નથી તેવી કોઈ હકીકતોનુ ખંડન કરેલ નથી.વધુમાં આ કામના ફરીયાદી ફાઈનાન્સનો ધંધો કરતા હોવાનુ જણાવેલ છે અને આંક–૧૯ થી શ્રીજી ફાઈનાન્સ થી ધંધો કરતા હોવાનુ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ રજુ કરેલ છે. વધુમાં ફરીયાદવાળા વ્યવહાર પહેલા પણ આરોપી સાથે કાયદેસરના નાણાકીય વ્યવહારો થતા હોવાની હકીકત ઉલટ તપાસ દરમ્યાન નીકળી આવેલ છે જેથી ફરીયાદી અને આરોપી વચ્ચે નાણાકીય લેવડ દેવડ થતી હતી તેવુ સ્પસ્ટ પણે ફલીત થાય છે. આ કામે આરોપી તરફે ફરીયાદીની નોટીસનો કોઈ જવાબ આપેલ હોવાની હકીકત પણ રેકર્ડ પર જણાતી નથી. વધુમાં આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા ધ્યાને લેતા જેમા

**Bir Singh vs. Mukesh Kumar reported as, (2019) 4 SCC 197, Para"32.** The proposition of law which emerges from the judgments referred to above is that **the onus to rebut the presumption under Section 139 that the cheque has been issued in discharge of a debt or liability is on the accused and the fact that the cheque might be post dated does not absolve the drawer of a cheque of the penal consequences of Section 138 of the Negotiable Instruments Act.**

Para 33. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. **It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.**

Para34. **If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may filled up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.**

હાલ ઉપરોકત ચુકાદાઓનો નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા આ કામે જોવામાં આવે તો આરોપી તરફે આ કામે રજુ ચેકમાં તેઓની સહી નથી અથવા ફરીયાદીએ ખોટી રીતે ચેકનો દુરુપયોગ કરેલ છે અને ચેકની રકમ આરોપી પાસેથી ફરીયાદીની

તરફેણમાં નીકળતી નથી તે અંગે કોઈ ખંડન કરતો કોઈ પુરાવો રજુ રાખવામાં આવેલ નથી.

વધુમાં આ તબકકે તાજેતરના નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા 2025 (0) AIJEL-SC 75934 SUPREME COURT OF INDIA,Sanjabij Tari Versus Kishore S.Borcar પેરા ના ચુકાદાના પેરા–૧૫, ૧૭, વંચાણે લેતા,

**ONCE EXECUTION OF CHEQUE IS ADMITTED, PRESUMPTIONS UNDER SECTIONS 118 AND 139 OF THE NI ACT ARISE**

15. In the present case, the cheque in question has admittedly been signed by the Respondent No.1-Accused . This Court is of the view that once the execution of the cheque is admitted, the presumption under Section 118 of the NI Act that the cheque in question was drawn for consideration and the presumption under Section 139 of the NI Act that the holder of the cheque received the said cheque in discharge of a legally enforceable debt or liability arises against the accused. It is pertinent to mention that observations to the contrary by a two Judges Bench in **Krishna Janardhan Bhat vs. Dattatraya G. Hegde, (2008) 4 SCC 54** have been set aside by a three Judges Bench in Rangappa (supra).

17. Needless to mention that the presumption contemplated under Section 139 of the NI Act, is a rebuttable presumption. However, the initial onus of proving that the

cheque is not in discharge of any debt or other liability is on the accused/drawer of the cheque [See: **Bir Singh vs. Mukesh Kumar, (2019) 4 SCC 197** ].

આ ઉપરાંત 2021 (0) AIJEL-SC 66998 પર પ્રસિધ્ધ થયેલ ના Kalamani Tex Versus P.Balasubramanian ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત નજર સમક્ષ રાખતા તેમાં નામદાર સર્વોચ્ચ અદાલત ઠરાવ્યા મુજબ such presumptions raised u/s. 118 and S. 139 are rebuttable in nature - a probable defence needs to be raised, which must meet the standard of **"preponderance of probability", and not mere possibility** - bare denial of passing of consideration would not aid the case of accused - even a blank cheque leaf, voluntarily signed and handed over by accused, which is towards some payment, attract presumption u/s. 139, in absence of any cogent evidence to show that cheque was not issued in discharge of debt

આમ, ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી ધ્વારા લેવામાં આવેલ બચાવ પ્રબળ સંભાવનાના ધોરણો પુર્ણ કરતી હોવી જોઈએ માત્ર શકયતાઓ નહી, કોઈ વ્યકિત એ પોતાની સહી કરીને ચેક આપેલ હોય અને તે પુરાવાના આધારે તેની સામેના અનુમાનોનુ ખંડન ન કરે તો તેવા કિસ્સામા આવો ચેક કાયદેસરના લેણા/જવાબદારી પેટે આપેલ હોવાનુ માનવાનુ કારણ રહેલ છે.

ફરીયાદ પક્ષ ધ્વારા રજુ થયેલ પુરાવો તેમજ આગળ ચર્ચા કરેલ કાયદાના સિધ્ધાંતો જોવામા આવે તો, સૌ પ્રથમ ફરીયાદી ચેકનુ એકઝીકયુશન પુરવાર કરે તો તેઓની તરફેણમા કલમો ૧૧૮ અને

૧૩૯ નું અનુમાન ઉપસ્થિત થાય અને અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે જાય.

વધુમાં ઉપર ચર્ચા કર્યા મુજબ અને ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતા, વાદગ્રસ્ત ચેક આરોપીના ખાતાનો છે અને એકઝીકયુશન પણ પુરવાર થાય છે આ કામે આરોપીની ચેકમાં સહી ન હતી કે તે ચેક આપેલ ન હતો તેવી કોઈ હકીકતોનુ ખંડન થયેલ નથી. ત્યારે આરોપીએ ચેક ફરીયાદીને કાયદેસરના લેણા પેટે ચુકવવા આપેલ તેવુ કાયદાકીય અનુમાન ફરીયાદીની તરફેણમાં ઉપસ્થિત થશે. ફરીયાદીની તરફેણમાં ઉપસ્થિત થતા સદર કાયદાકીય અનુમાન આરોપીએ સચોટ અને સબળ પુરાવાથી ખંડન કરવાનુ રહે અને જો તેમા આરોપી નિષ્ફળ રહે તો ફરીયાદીનો કેસ પુરવાર માનવાનુ રહે છે.

પ્રસ્તુત કેસમાં ફરીયાદીનો પુરાવો વંચાણે લેવામા આવે તો, ફરીયાદીની તરફેણમા થયેલ કલમ-૧૧૮, ૧૩૯ ના અનુમાનનું બચાવપક્ષ ખંડન કરી શકેલ નથી તેમજ આરોપી પોતાનો બચાવ પણ પુરવાર કરી શકેલ નથી. ફરીયાદીએ હાલની ફરીયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ છે.

આમ, ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા, અત્રેની અદાલત એવા તારણ પર આવે છે કે, ફરીયાદ હકીકત મુજબ ફરીયાદીએ આરોપીને હાથ ઉછીના નાણા રૂા. ૫,૫૦,૦૦૦/- અંકે રૂપીયા પાંચ લાખ પચાસ હજાર પુરા આપેલ. તે નાણાંની પરત ચુકવણી બદલ આરોપીએ ફરીયાદીને આંક-૧૪ થી રજૂ ફરીયાદવાળા ચેક આપેલ જે વણ ચુકવ્યે પરત થયેલ છે. આ તબકકે **રાજેશ જૈન વિરુધ્ધ અજયસિંગ ૨૦૨૩ (૦) એ.આઈ.જી. ઈ.એલ. એસ. સી. ૭૨૫૮૮** ના ચુકાદાના સિંધ્ધાતને ધ્યાને લેતા,

ફરીયાદીનું આરોપી પાસે કોઈ કાયદેસરનું લેણું નથી એ પુરવાર કરવાની જવાબદારી આરોપીની રહેલ છે અને આરોપીએ આ હકીકત પ્રિપોન્ડરસ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત આધારે સાબીત કરવાનું હોય છે પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ રેકર્ડ ઉપરના પુરાવાથી આરોપી તરફે આ હકીકતનું ખંડન આરોપી પક્ષે કરવામાં નિષ્ફળ ગયેલાનું આ કોર્ટનું માનવુ છે.

આરોપી તરફે રજુ કરેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા માનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે, પરંતુ સદર ચુકાદાના પ્રસ્થાપતિ સીધ્ધાંતો આરોપીપક્ષને મદદરુપ થતા નથી.

આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાની પરત ચુકવણી માટે વાદગ્રસ્ત ચેક આપેલ જે ફરીયાદીએ તેમના બેન્કના ખાતામાં જમા કરાવતા પરત ફરેલ અને ફરીયાદીએ તે સબબ સમય મર્યાદામાં કાયદાકીય નોટીસ આપેલ છે.

આથી અદાલત એવા તારણ પર આવે છે કે, આ કેસમાં આરોપી વિરુધ્ધ અધિનીયમ કલમ–૧૩૮ ના ગુનાના તમામ જરુરી તત્વો આકર્ષિત અને પુરવાર થયેલ છે અને આરોપીએ અધિનીયમની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે તે નિ:શંકપણે પુરવાર થાય છે.

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે **આર. વિજયન વિ.બેબી ૨૦૧૧ જેટી (૧૩) ૩૯૧** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આ પ્રકારના કેસમા ફરીયાદીને યોગ્ય વળતર આપવુ જોઈએ કે જેથી તેઓને યોગ્ય વળતર મેળવવા માટે અન્ય ન્યાયિક પ્રક્રિયાનો સહારો ન લેવો પડે. આ ઉપરાંત એ હકીકત પણ ધ્યાનમાં રાખવી યોગ્ય અને વ્યાજબી છે કે આ પ્રકારના કેસ ચાલતા જે સમય પસાર થાય તેમા દિવાની કાર્યવાહી અથવા તો દાવાની સમય મર્યાદા પણ

વીતી જતી હોય છે અને સંજોગોમાં ફરીયાદી પાસે યોગ્ય વિકલ્પ પણ આવી રકમ વસુલ કરવા માટે રહેતો નથી. આમ, આ કેસની તમામ હકીકતો, નામ.સર્વોચ્ચ અદાલત ધ્વારા પ્રસ્થાપિત કરવામા આવેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ આરોપી વિરુધ્ધ કલમ–૧૩૮ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર થયેલ હોય, તે હકીકત ધ્યાને લેતા અત્રેની અદાલતને ફરીયાદીને યોગ્ય વળતર આપવાનો હુકમ કરવો પણ વ્યાજબી અને ન્યાયોચીત જણાય આવે છે. ફરીયાદીના વિ.વ.શ્રી તથા આરોપીના વિ.વશ્રી ને સાંભળ્યા,ઉપરોકત કરેલ ચર્ચાના અંતે મુદ્દા નં.(૧) નો જવાબ હકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.(૨) પરત્વે આખરી હુકમ નીચે મુજબ છે.

**– :: <u>આખરી હુકમ</u> ::–**

**(૧)** આથી, આ કામના આરોપી દસાડીયા કૌશલ પરમાનંદભાઈ, ઉ.વ.આ. –૩૫, ધંધો–ગાડી લે–વેચ, રહે. સી.યુ.શાહ નગર, બ્લોક નં. ૬૦૨, શકિત–શુક્ર પાસે, નવા જકંશન રોડ, સુરેન્દ્રનગર નાઓને ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ–૨૭૮ (૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં દોષિત ઠરાવી **૧ વર્ષની** સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ–૩૯૫(૩) અન્વયે રૂા. ૫,૫૦,૦૦૦/–(અંકે રૂપીયા પાંચ લાખ પચાસ હજાર પુરા) ફરીયાદીને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે, આરોપીએ વળતરની રકમ આ હુકમની તારીખથી એક માસમાં ચુકવી આપવી વિકલ્પે આ રકમ અદાલતમાં જમા કરાવવી,

આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ **(૩) ત્રણ મહીનાની** સાદી કેદની સજા અલગથી ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીને ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ –૪૦૪(૧) અનુસાર સદર ઠરાવની નકલ વિનામુલ્યે મેળવવા હકકદાર છે.

હુકમ આજરોજ તારીખ : ૨૧ મી, માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : સુરેન્દ્રનગર.
તારીખ : ૨૧/૦૫/૨૦૨૬.

(જીજ્ઞેશકુમાર સુરેશભાઈ પંચાલ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ અને
એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્દનગર(જજ કોડ નં. GJ-00989)